# STP

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **State Tax Inspector, Class-3** |
| **Advertisement No.** | **109/2019-20** |
| **Preliminary Test held on** | **07-03-2021** |
| **Question No.** | **001 – 200 (General Studies)** |
| **Publish Date** | **09-03-2021** |
| **Last Date to Send Suggestion(s)** | **16-03-2021** |

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) All the suggestion should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical submission of suggestions will not be considered.

(2) Question wise suggestion to be submitted in the prescribed format (proforma) published on the website / online objection submission system.

(3) All suggestions are to be submitted with reference to the Master Question Paper with provisional answer key (Master Question Paper), published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question, Question No. & options of the Master Question Paper.

(4) Suggestions regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(5) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted suggestions are differed.

(6) Objection for each question should be made on separate sheet. Objection for more than one question in single sheet shall not be considered.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે વાંધાં-સૂચનો ફક્ત **ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન** સીસ્ટમ દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ અથવા ટપાલ દ્વારા આયોગની કચેરીએ મોકલવા આવેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામા આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(2) ઉમેદવારે વાંધા-સૂચનો રજૂ કરવા વેબસાઈટ / ઓનલાઈન ઓબ્જેક્શન સબમીશન સીસ્ટમ પર પ્રસિધ્ધ થયેલ નિયત નમૂનાનો જ ઉપયોગ કરવો.

(3) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતા તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી (માસ્ટર પ્રશ્નપત્ર)ના પ્રશ્ન ક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા.

(4) માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

(5) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાબ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા-સૂચનો ધ્યાનમા લેવાશે નહીં.

(6) એક પ્રશ્ન માટે એક જ વાંધા-સૂચન પત્રક વાપરવું. એક જ વાંધા-સૂચનો પત્રકમાં એકથી વધારે પ્રશ્નોની રજૂઆત કરેલ હશે તો તે અંગેના વાંધા-સૂચનો ધ્યાને લેવાશે નહીં.

**Website link for online objection submission system : http://180.211.111.99/GPSC_Suggestion/**

Happy Academy

001. નીચેના પૈકી કોણે ગૌતમ બુધ્ધને ધ્યાનની રીત શીખવાડી ?

(A) સારી પુત્ર
(B) ચન્ના
(C) આલાર કાલામ
(D) કશ્યપ

002. મેગેસ્થનીઝના વૃત્તાંત અનુસાર નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. પાટલીપુત્રનું નિર્માણ ગંગા અને સોન નદીઓના સંગમ સ્થાને કરાયું હતું.
ii. ભારતની વસ્તી સાત વર્ગોમાં વિભાજીત હતી.
iii. પાટલીપુત્ર નગરીનો વહીવટ 20 સભ્યોની સમિતિના હાથમાં હતો.
iv. ચંદ્રગુપ્ત મૌર્યની સુરક્ષામાં મહીલાઓ અંગરક્ષકો હતી.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i, ii અને iii
(D) i, ii, iii અને iv

003. જુનાગઢ ખાતે સુદર્શન તળાવનું નિર્માણ કોના સમય દરમ્યાન થયું ?

(A) અશોક
(B) રૂદ્રદમન
(C) સ્કંદગુપ્ત
(D) ચંદ્રગુપ્ત મૌર્ય

004. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. પલ્લવો એક મહાન દરિયાઈ (નૌકાદળ) શક્તિ હતી.
ii. નરસિંહવર્મન-I એ દરિયા કિનારે મહાબલીપુરમ નગર બનાવ્યું.
iii. દંડી નરસિંહવર્મન-II ના દરબારમાં કવિ હતાં.
iv. પલ્લવોના મોટાભાગના શિલાલેખો સંસ્કૃતમાં લખાયાં છે.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iii
(D) i, ii, iii અને iv

005. ભાવનગર રાજ્યની નીચેના પૈકી કઈ અનન્ય બાબતો સાચી છે ?

i. સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ રેલ્વેનું નિર્માણ કરનાર.
ii. ભાવનગર ખાતે 1885 માં સૌરાષ્ટ્રની સૌ પ્રથમ કોલેજ શામળદાસ કોલેજની સ્થાપના કરનાર.
iii. સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ પ્રજા પ્રતિનિધિ સભાની સ્થાપના કરનાર.
iv. સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ દારૂના સેવન ઉપર પ્રતિબંધ મૂકનાર.

(A) ફક્ત i અને ii
(B) i, ii, iii અને iv
(C) ફક્ત ii અને iii
(D) ફક્ત i, ii અને iii

006. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. શ્યામજીકૃષ્ણ વર્માએ લંડન ખાતે એક ઘર ખરીદ્યું અને તેનું નામ ઈન્ડીયા હાઉસ રાખ્યું.
ii. મેડમ કામાએ 1907 માં બર્લિન ખાતે ભારતની સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવ્યો.
iii. મદનલાલ ધીંગરાનું છેલ્લું વિધાન ‘‘મને મારા દેશ માટે મારા પ્રાણનું બલીદાન આપવાનું સન્માન હોવાનો ગર્વ છે.’’ હતું.
iv. ભગતસિંહ એ ‘‘ઈન્કલાબ જિંદાબાદ’’નો યુધ્ધ-નારો આપ્યો હતો.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત i, iii અને iv
(C) ફક્ત ii, iii અને iv
(D) i, ii, iii અને iv

Happy Academy

007. નીચેના પૈકી કયા સત્યાગ્રહોમાં સરદાર વલ્લભભાઈ પટેલે સક્રિય રીતે ભાગ લીધો હતો ?

i. ખેડા

ii. નાગપુર ઝંડા સત્યાગ્રહ

iii. બારડોલી

iv. ધરાસણા

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત i અને iii
(C) ફક્ત i, ii અને iv
(D) i, ii, iii અને iv

008. નીચેના પૈકી કયા જૈન ધર્મના ''ત્રિરત્નો'' છે ?

(A) સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન, સમ્યક ચરિત્ર
(B) સમ્યક આહાર, સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન
(C) સમ્યક આહાર, સમ્યક જ્ઞાન, સમ્યક ચરિત્ર
(D) સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય

009. મહારાજા રણજીતસિંહની રાજધાની __________ હતી.

(A) અંબાલા
(B) અમૃતસર
(C) લાહોર
(D) પેશાવર

010. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) વેલેસ્લીની સહાયકારી યોજનાનો ધ્યેય ભારતીય રાજ્યોને અંગ્રેજ રાજકીય સત્તા હેઠળ લાવવાનો હતો.
(B) વેલેસ્લીએ ભારતને નેપોલિયનના ખતરાથી બચાવવું હતું.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

011. ''માનવ જાત માટે એક ધર્મ, એક જાત અને એક ઈશ્વર'' – સૂત્ર કોણે આપ્યું હતું ?

(A) બી. આર. આંબેડકર
(B) ઈ. વી. રામાસ્વામી નાયકર
(C) શ્રી નારાયણ ગુરૂ
(D) જ્યોતિબા ફૂલે

012. નીચેની ઘટનાઓને કાળક્રમ પ્રમાણે ગોઠવો.

i. ચંપારણ્ય સત્યાગ્રહ

ii. ખેડા સત્યાગ્રહ

iii. અમદાવાદ મીલ હડતાલ

iv. રૉલેટ સત્યાગ્રહ

(A) i, iii, ii, iv
(B) i, ii, iii, iv
(C) ii, i, iv, iii
(D) iv, iii, i, ii

013. ''મહાગુજરાત'' શબ્દ __________ દ્વારા આપવામાં આવ્યો હતો.

(A) ઈન્દુલાલ યાજ્ઞિક
(B) જીવરાજ મહેતા
(C) ક. મા. મુન્શી
(D) સનત મહેતા

Happy Academy

014. સિંધુ સંસ્કૃતિની મ્હોરો (મુદ્રા) ઉપર નીચેના પૈકી કયા પ્રાણીની આકૃતિનું સૌથી સામાન્ય રીતે અવારનવાર પ્રતિનિધિત્વ થાય છે ?

(A) ખૂંધવાળો આખલો
(B) શ્રૃંગાશ્વ
(C) વાઘ
(D) ગેંડો

015. __________ ના અધ્યક્ષપણા હેઠળ પ્રથમ બૌધ્ધસભા રાજગ્રહ ખાતે યોજાઈ.

(A) અશ્વઘોષ
(B) વાસુમિત્ર
(C) મહાકશ્યપ
(D) ઉપગુપ્ત

016. નીચેના પૈકી કોણ અશોકને બૌધ્ધ ધર્મ અંગીકાર કરાવવા માટે મુખ્યત્વે કારણભૂત હતો ?

(A) વિષ્ણુગુપ્ત
(B) પુષ્યગુપ્ત
(C) ઉપગુપ્ત
(D) રાધાગુપ્ત

017. નીચેના પૈકી કયા પલ્લવ રાજાએ સુવિખ્યાત "મત્તવિલાસ પ્રહસન" લખ્યું હતું ?

(A) નરસિંહવર્મન-I
(B) નરસિંહવર્મન-II
(C) પરમેશ્વરવર્મન
(D) મહેન્દ્રવર્મન

018. નીચેના પૈકી કોણે નવાનગર રાજ્યનો પાયો નાંખ્યો ?

(A) જામ રાવલજી
(B) રણમલજી
(C) સતાજી
(D) જામ વિભાજી

019. સિંધુ સંસ્કૃતિના નીચેના પૈકી કયા સ્થળે સૌથી વધુ સંખ્યામાં કૂવા મળી આવ્યા છે ?

(A) મોંહે-જો-દરો
(B) ધોળાવીરા
(C) સુરકોટડા
(D) રાખી ગઢી

020. ભારતમાં પોર્ટુગીઝ વસાહતોનો પ્રથમ ગવર્નર કોણ હતું ?

(A) વાસ્કો-દ-ગામા
(B) ફ્રાંસિસ્કો ડી અલ્મીડા
(C) અલ્બુકર્ક
(D) નુનો દા કુન્હા

021. ભારતીય સરકાર દ્વારા 1953 માં રચવામાં આવેલા "રાજ્ય પુનઃગઠન આયોગ"ના અધ્યક્ષ કોણ હતા ?

(A) જવાહરલાલ નહેરૂ
(B) વલ્લભભાઈ પટેલ
(C) ફઝલ અલી
(D) હૃદયનાથ કુંજરૂ

022. ગુજરાતના કયા ચાલુક્ય રાજાએ મહમ્મદ ઘોરીને હરાવ્યો હતો ?

(A) મૂળરાજ-II
(B) ભીમદેવ-I
(C) જયસિંહ-I
(D) અજયપાલ

023. આજવા ખાતે પાણી-પૂરવઠો યોજના નીચેના પૈકી કોણે શરૂ કરી હતી ?

(A) ખંડેરાવ ગાયકવાડ
(B) સયાજીરાવ ગાયકવાડ-III
(C) મલ્હારરાવ ગાયકવાડ
(D) કાશિરાવ ગાયકવાડ-II

Happy Academy

024. પંજાબમાં દેવસમાજ આંદોલન નીચેના પૈકી કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું ?
(A) સ્વામી દયાનંદ સરસ્વતી
(B) સ્વામી વિવેકાનંદ
(C) કનૈયાલાલ અલખધારી
(D) શીવનારાયણ અગ્નિહોત્રી

025. ભારતમાં સનદી સેવકોને તાલીમ આપવા માટે લૉર્ડ વેલેસ્લીએ __________ કોલેજ, "ધ ઓક્સફર્ડ ઓફ ધ ઈસ્ટ"ની સ્થાપના કરી હતી.
(A) ફોર્ટ વિલિયમ
(B) સેંટ સ્ટીફન
(C) ફર્ગ્યુસન
(D) બીશપ કોટન

026. ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનના પ્રેરક સ્વામીનું નામ જણાવો.
(A) નામદેવ
(B) રૈદાસ
(C) રામાનંદ
(D) ગુરૂ નાનક

027. કચ્છી સુંદરજી શિવજીને "હકૂમતે હૈદરી" કોતરેલી લોખંડની તોપ કોણે ભેટમાં આપી હતી ?
(A) અહમદશાહ
(B) ટીપુ સુલતાન
(C) અકબર
(D) નેપોલિયન બોનાપાર્ટ

028. મથુરા વિસ્તારમાં કયા પ્રકારની રંગોળી જમુનાજળમાં વહેવડાવવા માટે જ બનાવવામાં આવે છે ?
(A) સંઝા
(B) ઘર
(C) પીઠોરો
(D) જગતિયું

029. વિવિધ રમતો માટેના શબ્દોના જોડકાં જોડો.

| | |
|---|---|
| a. અટીસોમટીસો | i. ભમરડા રમત |
| b. આંટીફાંટી | ii. લખોટી રમત |
| c. પોસાપોસ | iii. સંતાકૂકડી રમત |
| d. લટ્ટુ જાળ | iv. સાતતાળી રમત |

(A) a - iv, b - iii, c - ii, d - i
(B) a - iv, b - iii, c - i, d - ii
(C) a - i, b - ii, c - iii, d - iv
(D) a - i, b - ii, c - iv, d - iii

030. સ્તૂપના મુખ્ય ભાગને શું કહેવાય છે ?
(A) છત્ર
(B) અંડ
(C) હર્મિકા
(D) પ્રદક્ષિણાપથ

031. "સાંઈ સેતી સાંચે રહુ, ઔરાં સં સુધ-ભાઈ" – આ કોનો ધર્મ હતો ?
(A) નાનક
(B) દાદૂ દયાળ
(C) કબીર
(D) રૈદાસ

032. જે લોકભરતમાં ગાજના ટાંકાથી આભલા ભર્યા હોય અને ચારે બાજુની કિનાર એકસરખા કાંગરાથી ભરી હોય તેને કેવું ભરતકામ કહેવાય છે ?
(A) કાઠી ભરત
(B) મહાજન ભરત
(C) કણબી ભરત
(D) બખિયા ભરત

Happy Academy

033. ગુજરાતમાં મૈત્રકકાળ અને અનુમૈત્રકકાળના મંદિરો કઈ શૈલીના મંદિરો તરીકે ઓળખવામાં આવે છે ?

(A) દ્રાવિડી
(B) નાગર
(C) પૂર્વ ચૌલુક્ય શૈલી
(D) ગાંધાર

034. ગુજરાતનું ધ્રાસણવેલનું મંદિર કયા પ્રકારનું છે ?

(A) એકાયતન
(B) પંચાયતન
(C) ત્ર્યયાતન
(D) સપ્તાયતન

035. ઘરના ઉંબરને મંગલ સાથિયો દોરી ચોખાથી વધાવે છે – તે શાનું પ્રતિક મનાય છે ?

(A) નૃસિંહ ભગવાનનું સિંહાસન
(B) લક્ષ્મીજી
(C) ગણપતિ
(D) આદ્યશક્તિ

036. કબીરની ભાષામાં અનેક ભાષાનું મિશ્રણ થયેલું હોવાથી એનું પ્રચલિત નામ કયું છે ?

(A) ખાલીક બારી
(B) કોસલી
(C) સાધુકૂકડી
(D) ખડી

037. જોડકાં જોડો.

a. ગરબો — i. ભીંતમાં ભીંત, પસીતમાં પાણી
b. ભડલી વાક્ય — ii. શેરી મિત્રો સો મળે, તાળી મિત્ર અનેક; જેમાં સુખ દુઃખ વારીએ, તે લાખોમાં એક
c. દુહો — iii. જો વરસે હાથિયો, તો મોતીએ પુરાય સાથિયો
d. ભીલી ઉખાણું — iv. ગલ વાવ્યો છે, રાધાજીને આંગણે

(A) a - iv, b - iii, c - ii, d - i
(B) a - iv, b - iii, c - i, d - ii
(C) a - i, b - ii, c - iii, d - iv
(D) a - i, b - ii, c - iv, d - iii

038. વૈષ્ણવ, તાંત્રિક અને બૌધ્ધ સિધ્ધાંતોનો સરસ સમન્વય સાધતા ભક્તિ આંદોલનનું નામ જણાવો.

(A) સહજિયા
(B) મહાનુભાવ
(C) પંચસખા
(D) વારકરી

039. સ્ત્રીઓ પોતાની કટિ ઉપર જે આભૂષણ ધારણ કરે છે તેને શું કહેવામાં આવે છે ?

(A) ચંદ્રકટિકા
(B) ચંપાકલી
(C) નૂપુર
(D) કોલર

040. ભારતીય “મૂર્તિશિલ્પના વિશ્વકોશ” જેવો કયો સ્તંભ મનાય છે ?

(A) સૂર્ય મહેલ
(B) કીર્તિ સ્તંભ (ચિત્તોડ)
(C) એકલખા મકબરો
(D) કુતુબ મિનાર

041. “સંગીતની ગંગોત્રી” રૂપે કયો વેદ ઓળખાય છે ?

(A) યજુર્વેદ
(B) સામવેદ
(C) ઋગ્વેદ
(D) અથર્વવેદ

Happy Academy

042. ગાયકવાડી શાસનમાં રાજ્યના મંદિરોની વ્યવસ્થા કરનાર અધિકારી કયા નામે ઓળખાતો હતો ?
(A) પૂજારી
(B) ધર્માધિકારી
(C) સ્વામી
(D) સૂબો

043. ગુજરાતની આદિવાસી ચળવળોના ઈતિહાસમાં દક્ષિણ ગુજરાતની કઈ ચળવળ મહત્વપૂર્ણ મુકામ મનાય છે ?
(A) દેવી ચળવળ
(B) ભગત ચળવળ
(C) જોરીયા ભગત ચળવળ
(D) એકી ચળવળ

044. છોટાઉદેપુરના પૂર્વ ભાગમાં શુક્રવાર માટે વપરાતો એક શબ્દ જણાવો.
(A) દિતવાર
(B) ઉદાપરિયો
(C) વાલપરિયો
(D) રાયચોરિયો

045. ગુજરાતના આદિવાસી ઘરોમાં પાણિયારા ઉપર છાણમાટીથી બનાવવામાં આવતી અભરાઈ માટે પ્રયોજાતો શબ્દ જણાવો.
(A) સીંકી
(B) બંજોટી
(C) ઓટલી
(D) ભેડિયો

046. ગુજરાતી આદિવાસીઓના 'ઢાપું' શબ્દ શાના માટે વપરાય છે ?
(A) ઘોડો
(B) મંદિર
(C) મા
(D) બાળક

047. વાદ્યને પ્રકાર પ્રમાણે જોડકાં જોડો.

| | |
|---|---|
| a. પીહવો | i. સુષિર વાદ્ય |
| b. દંકુડી | ii. ચર્મ વાદ્ય |
| c. કરતાર | iii. ઘન વાદ્ય |
| d. સુરંદો | iv. તંતુ વાદ્ય |

(A) a - i, b - ii, c - iii, d - iv
(B) a - i, b - ii, c - iv, d - iii
(C) a - ii, b - i, c - iii, d - iv
(D) a - ii, b - i, c - iv, d - iii

048. દ્વારકા ખાતે આવેલું દ્વારકાધિશનું મંદિર નીચેના પૈકી કયા નામે પણ ઓળખાય છે ?
(A) જગત મંદિર
(B) ત્રિલોક સુંદર
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

049. પંપા સરોવર, જેનો ઉલ્લેખ રામાયણમાં થયેલો છે, તે કયા રાજ્યમાં આવેલું છે ?
(A) કર્ણાટક
(B) કેરળ
(C) ઉત્તર પ્રદેશ
(D) આંધ્ર પ્રદેશ

050. __________ માં આવેલા ઢેઢરવાડાના મંદિરમાં કાષ્ઠમંડપ અને ઘુમ્મટ, કુંભારિયા વાડાના કાષ્ઠમંડપનો ઘુમ્મટ તથા કપુરમહેતાના વાડાના મંદિરનો કાષ્ઠમંડપ સર્વ પ્રકારના નેજવાં માટે જાણીતો છે.
(A) વડનગર
(B) અમદાવાદ
(C) પાટણ
(D) વડોદરા

Happy Academy

051. બંધારણ સભા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. બંધારણ સભા રજવાડાઓમાંથી સીધા ચૂંટાયેલા સભ્યોની બનેલી હતી.
2. બંધારણ સભામાં બ્રિટીશ ભારતીય પ્રાંતોના સદસ્યો, પ્રાંતીય વિધાનસભાઓના સભ્યો દ્વારા પરોક્ષ રીતે ચૂંટવામાં આવ્યા હતા.
3. બંધારણ સભા અંશતઃ પરોક્ષ રીતે ચૂંટાયેલા અને અંશતઃ નામાંકિત સંસ્થા તરીકે કરવાનું આયોજન હતું.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1

052. ભારતીય બિનસાંપ્રદાયિકતા બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

1. ભારત કોઈ ધર્મને દેશના સત્તાવાર ધર્મ તરીકે માન્ય કરતું નથી.
2. ભારત તમામ ધર્મો પ્રત્યે નિષ્પક્ષ છે.
3. ભારત તમામ ધર્મોને પ્રોત્સાહન આપે છે.
4. કોઈ ધર્મને માન્યતા આપતું નથી અને ધર્મને લોકોની વ્યક્તિગત બાબત તરીકે જ ગણે છે.

(A) ફક્ત 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 3 અને 4

053. ભારતના બંધારણના અનુચ્છેદ 3 બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) રાજ્યનું નામ, વિસ્તાર કે સીમા બદલવા માટે અનુચ્છેદ 3 હેઠળનું વિધેયક માત્ર રાજ્યસભામાં જ રજૂ કરી શકાય છે.
(B) અનુચ્છેદ 3 હેઠળનું વિધેયક સંસદમાં માત્ર રાષ્ટ્રપતિની ભલામણથી જ રજૂ કરી શકાય છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

054. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ભારતના બંધારણનો અનુચ્છેદ 16 નાગરિકને જાહેર રોજગારની બાબતમાં રાજ્ય દ્વારા ભેદભાવ સામે રક્ષણ આપે છે.
2. પછાત વર્ગોને આરક્ષણ આપવાનો પ્રથમ માપદંડ સમાજના વર્ગનું સામાજીક અને શૈક્ષણિક પછાતપણું છે.
3. પછાત વર્ગોને આરક્ષણ આપવાનો બીજો માપદંડ જાહેર રોજગારમાં અપૂરતું પ્રતિનિધિત્વ છે.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

055. Writs (રીટ - ન્યાયાલય આદેશ) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) – અદાલતમાં "લોકસ સ્ટેન્ડી" (Locus Standi) નો સિધ્ધાંત લાગુ પડતો નથી.
2. પરમાદેશ (Mandamus) – કોઈપણ જાહેર અધિકારી અથવા ખાનગી સંસ્થા વિરૂધ્ધ જારી કરી શકાય છે.
3. પ્રતિષેધ (Prohibition) – તે માત્ર ન્યાયિક અથવા અર્ધન્યાયિક સંસ્થાઓ વિરૂધ્ધ જ જારી કરી શકાય છે.
4. ઉત્પ્રેક્ષણ (Certiorari) – તે ન્યાયિક અથવા અર્ધન્યાયિક સત્તાધિકાર વિરૂધ્ધ જારી કરી શકાય છે, વહીવટી સત્તાધિકારો વિરૂધ્ધ જારી કરી શકાય નહિ.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1, 2 અને 3

Happy Academy

056. નીચેના પૈકી કયો ભારતના રાષ્ટ્રપતિનો વિવેકાધીકાર નથી ?

(A) સરકારના કાર્ય વ્યવહાર (transaction of business) માટેના નિયમો

(B) કોઈ પક્ષ બહુમત બેઠકો મેળવી ન શકે તેવા કિસ્સામાં કોઈ રાજકીય પક્ષના નેતાને બહુમત સિધ્ધ કરવા આમંત્રણ આપવું.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

057. ભારતના ઉપરાષ્ટ્રપતિને પદભ્રષ્ટ કરવાની બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ઉપરાષ્ટ્રપતિને પદભ્રષ્ટ કરવાની દરખાસ્ત માત્ર રાજ્યસભામાં જ દાખલ કરી શકાય છે.
2. પદભ્રષ્ટ કરવાની પ્રક્રિયા માટે રાજ્યસભામાં અસરકારક બહુમતીથી પદભ્રષ્ટની દરખાસ્ત પસાર થવી આવશ્યક છે.
3. ત્યારબાદ પદભ્રષ્ટ કરવાની દરખાસ્ત લોકસભામાં પણ સાદી બહુમતી દ્વારા પસાર થવી જરૂરી છે.
4. ઓછામાં ઓછી ત્રીસ દિવસની અગોતરી નોટીસ અપાયા વગર આવી કોઈ દરખાસ્ત પસાર થઈ શકે નહિ.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 1 અને 3

058. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તારાંકિત પ્રશ્ન – એક દિવસમાં માત્ર 20 પ્રશ્નોની મંજૂરી આપવામાં આવે છે.
2. અતારાંકિત પ્રશ્ન – મંત્રી દ્વારા લેખિતમાં જવાબ આપવામાં આવે છે.
3. ટૂંકી મુદતનો પ્રશ્ન – તેના પછી પૂરક પ્રશ્નો કરવામાં આવતા નથી.
4. પ્રશ્નોની સમયાવધિ – સામાન્ય રીતે પ્રશ્નની સમયાવધિ ચોખ્ખા (clear) 21 દિવસોથી વધુ હોતી નથી અને 10 દિવસથી ઓછી હોતી નથી.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 1 અને 4

059. ભારતીય સંસદીય પ્રણાલીમાં વિવિધ પ્રકારના વિધેયકો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) નાણાં વિધેયક (Money Bill)માં મડાગાંઠના સંદર્ભે સંયુક્ત બેઠક થઈ શકે નહિ જ્યારે વિત્તીય વિધેયકો (Finance Bills)ના મડાગાંઠના કિસ્સામાં તે થઈ શકે.

(B) નાણાં વિધેયક (Money Bill) અને વિત્તીય વિધેયકો (Financial Bills)ના કિસ્સામાં અધ્યક્ષનું પ્રમાણીકરણ (Certificate) જરૂરી છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

060. ભારતના આકસ્મિક ફંડની બાબતમાં નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભારતના આકસ્મિક ફંડની મહત્તમ મર્યાદા રૂપિયા 5,000 કરોડ છે.

(B) આકસ્મિક ફંડમાંથી નાણાં વાપરવાની રાષ્ટ્રપતિની અધિકૃતતા મળ્યેથી તેટલી રકમ આકસ્મિક ફંડમાંથી એકત્રિત ફંડમાં તબદીલ કરવામાં આવે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

Happy Academy

061. મૂળભૂત હક્કો અને કાનૂની હક્કો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. મૂળભૂત હક્કોના ઉલ્લંઘનના કિસ્સામાં ભોગ બનેલી વ્યક્તિ સીધોજ ઉચ્ચતમ ન્યાયાલયમાં અરજી દાખલ કરી શકે છે.
2. કાનૂની હક્કોના કિસ્સામાં ભોગ બનેલી વ્યક્તિએ રાબેતા મુજબની ન્યાયિક પ્રક્રિયાને અનુસરવી પડે છે.
3. ભારતના બંધારણમાં ભાગ III સિવાય કોઈપણ ભાગમાં કાનૂની હક્કોની જોગવાઈ કરવામાં આવી છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

062. રાષ્ટ્રપતિની ચૂંટણી દરમ્યાન રાજ્ય (અથવા સંઘ પ્રદેશ)ના ચૂંટાયેલા ધારાસભ્યોના મતના મૂલ્યની ગણતરી માટે નીચેના પૈકી કયા વર્ષની વસ્તી ગણતરીને ધ્યાનમાં લેવામાં આવે છે ?

(A) 1971 (B) 2001
(C) 2011 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

063. ભારતના બંધારણના મૂળભૂત હક્કો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) રાજ્ય ધારાસભાએ અનુચ્છેદ 33 હેઠળ ઘડેલા કાયદાઓને કોઈ અદાલત દ્વારા પડકારી શકાય નહિ.
(B) અનુચ્છેદ 33 લશ્કરી કાયદાને ઉચ્ચતમ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલયના રીટ અધિકાર ક્ષેત્રમાંથી પણ બાકાત રાખી શકે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

064. ભારતના બંધારણમાં સત્તાની વહેંચણી બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. હાલમાં સંઘ યાદીમાં 99 વિષયો છે, જે પ્રારંભમાં 96 વિષયો હતા.
2. હાલમાં રાજ્ય યાદીમાં 54 વિષયો છે, જે પ્રારંભમાં 65 વિષયો હતા.
3. હાલમાં સંયુક્ત યાદીમાં 52 વિષયો છે, જે પ્રારંભમાં 47 વિષયો હતા.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 3 (D) ફક્ત 1 અને 2

065. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. જો બે કે તેથી વધુ રાજ્યો સંસદને કાયદો ઘડવા માટે વિનંતી કરે તો સંસદ કાયદો ઘડી શકે.
2. ઉપરના કિસ્સામાં કાયદો ભારતના તમામ રાજ્યો માટે લાગુ પડશે.
3. પરંતુ આવો કાયદો રાજ્યો તેમની જરૂરિયાત પ્રમાણે રદ કરી શકશે.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3

066. ભારતના પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ વચ્ચેના સંબંધો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) મંત્રી મંડળના તમામ નિર્ણયો રાષ્ટ્રપતિને જણાવવા પ્રધાનમંત્રી માટે વૈકલ્પિક છે.
(B) સંઘની બાબતોના વહીવટ અંગેની માહિતી રજૂ કરવી એ પ્રધાનમંત્રીની ફરજ છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

Happy Academy

067. ભારતમાં અંદાજપત્ર વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ઉધારેલ (charged) ખર્ચ સંસદ દ્વારા મતદાન પાત્ર નથી, સંસદમાં માત્ર તેની ચર્ચા જ થઈ શકે.
2. ભારતના એકત્રિત ફંડમાંથી કરેલા ખર્ચનું સંસદ દ્વારા મતદાન થવું જોઈએ.
3. રાષ્ટ્રપતિના મળતરો અને ભથ્થાં તથા તેમના કાર્યાલયને સંલગ્ન અન્ય ખર્ચા ઉધારેલ ચાર્જ (charged) ખર્ચ હેઠળ આવે છે.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

068. ન્યાયાધીશની નિમણૂંક કેસ 1998 ના સંદર્ભે ન્યાયાધીશોની નિમણૂંક બાબતે ઉચ્ચતમ ન્યાયાલયના સ્પષ્ટીકરણો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશોની નિમણૂંક કરતી વખતે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ ઉચ્ચતમ ન્યાયાલયના ચાર વરિષ્ઠતમ ન્યાયાધીશો સાથે વિચારવિનિમય કરશે.

(B) ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની ફેરબદલી કરતી વખતે, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ એ જ્યાંથી ન્યાયાધીશની ફેરબદલી કરવામાં આવી છે અને જ્યાં ફેરબદલી કરવામાં આવી છે તે ઉચ્ચ ન્યાયાલયોના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચારવિનિમય કરશે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

069. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

| હોદ્દો | યોગ્યતાના માપદંડ |
|---|---|
| 1. મુખ્યમંત્રી | – 25 કે તેથી વધુ વર્ષની વય |
| 2. રાજ્યપાલ | – 35 વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ. |
| 3. સરપંચ | – 25 વર્ષથી નીચેની વયના હોવા જોઈએ નહિ. |
| 4. ભારતના ઉપરાષ્ટ્રપતિ | – 35 વર્ષની વય પૂરી કરેલી હોવી જોઈએ. |

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 3

070. 73 મા બંધારણીય સુધારણા અધિનિયમ મુજબ, ગ્રામસભા __________ નું બનેલું મંડળ છે.

(A) ગ્રામ પંચાયતની સમગ્ર પુખ્ત વસ્તી
(B) પાંચ વર્ષની વયથી ઓછી વયના બાળકો સિવાયની પંચાયત હેઠળની ગામની સમગ્ર વસ્તી
(C) 18 વર્ષની વય પૂરી કરી ચૂકી હોય અને રાજ્યમાં કોઈપણ જગ્યાએ મતદાર યાદીમાં નામ હોય તેવી ગામની વસ્તી
(D) ઉપરના પૈકી કોઈ નહીં

071. SAARC વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. SAARC ની સ્થાપના 1985 માં ઢાકા ખાતે થઈ હતી.
2. ઓસ્ટ્રેલીયા, ચીન અને ઈરાન એ SAARCના નિરીક્ષકો છે.
3. દક્ષિણ એશિયાઈ મુક્ત વ્યાપાર કરાર (South Asian Free Trade Agreement) ઉપર 2009 માં હસ્તાક્ષર થયા હતા.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

Happy Academy

072. BIMSTEC બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. બેંગકોક ખાતે પેટા પ્રાદેશિક જૂથની સ્થાપના કરવામાં આવી અને 1997 માં BIMT-EC નામ આપવામાં આવ્યું.

2. પછીથી તેમાં શ્રીલંકા પૂર્ણ સદસ્ય તરીકે જોડાયું અને નામ બદલીને BIMSTEC કરવામાં આવ્યું.

3. 2004 માં નેપાળ અને ભૂતાનને પૂર્ણ સદસ્યતા આપવામાં આવી.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 2

073. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. પાંચનું જૂથ (G5) – બ્રાઝિલ, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા અને મેક્સીકો.

2. આઠનું જૂથ (G8) – ફ્રાંસ, જર્મની, ઈટાલી, જાપાન, યુ.કે., યુ.એસ.એ., કેનેડા અને રશિયા

3. વીસનું જૂથ (G20) – સાઈદી અરબ, દક્ષિણ કોરિયા અને તુર્કી આ જૂથના સભ્યો નથી.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

074. યુરોપીય યુનિયનનો પાયો __________ પર હસ્તાક્ષરથી શરૂ થયો.

(A) માસ્ટ્રીક્ટ સંધિ (Treaty of Masstricht)
(B) પેરીસની સંધિ (Treaty of Paris)
(C) રોમની સંધિ (Treaty of Rome)
(D) ઉપરના પૈકી કોઈ નહીં

075. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF) અને ભારત વચ્ચેના સંબંધો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) ભારત IMF નું ઋણ લેનાર (borrower) હતું પણ હવે તે ઉધાર આપનાર (lender) તરીકે ઉભરી આવ્યું છે.
(B) IMF ખાતે ભારતના ગવર્નર અને વૈકલ્પિક ગવર્નર સામાન્ય રીતે અનુક્રમે નાણામંત્રી અને RBI ના ગવર્નર હોય છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

076. ગુજરાતમાં પાણી સમિતિ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. પાણી સમિતિ, કે જે 10-12 સભ્યોની બનેલી હોય છે, તેની રચના ગ્રામસભામાં થાય છે.

ii. તે ગ્રામસભાની લોકશાહી ઢબે ચૂંટાયેલી સ્ટેન્ડીંગ સમિતિ છે.

iii. તે ગ્રામ પંચાયત અને 50% મહીલા સભ્યો સાથે સમાજના તમામ વર્ગોનું પુરતું પ્રતિનિધિત્વ ધરાવે છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii
(D) ફક્ત i અને iii

077. રાષ્ટ્રીય કૃષિ નીતિ 2000 __________ ને જમીન સુધારણા માટેના પગલા તરીકે અગત્યતા આપે છે.

(A) ગણોત સુધારા
(B) સહકારી ખેતી
(C) જમીન ખાતાઓનું એકત્રીકરણ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં



Happy Academy

078. નીચેની યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I - (સમિતિઓ) | યાદી-II - (અધ્યક્ષતા) |
|---|---|
| a. જાહેર ક્ષેત્રના સાહસોમાં શેરોનું વિનિવેશ | i. રાજા ચેલૈયા |
| b. ઔદ્યોગિક માંદગી | ii. ઓમકાર ગૌસ્વામી |
| c. કરવેરા સુધારા | iii. આર. એન. મલહોત્રા |
| d. વીમા ક્ષેત્રમાં સુધારા | iv. સી. રંગરાજન |

(A) a - i, b - iv, c - ii, d - iii
(B) a - iv, b - ii, c - i, d - iii
(C) a - iv, b - i, c - ii, d - iii
(D) a - i, b - iii, c - iv, d - ii

079. ઉપભોક્તા મૂલ્ય સૂચકાંક (CPI) બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) CPI ઔદ્યોગિક કામદારો શ્રેણી - પ્રથમ વખત વૈજ્ઞાનિક ઢબે મૂળ વર્ષ 1960 = 100 સાથે રજૂ થઈ.
(B) આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે ગ્રાહક મૂલ્ય સૂચકાંક (CPI) નો મૂળ વર્ષ 2010 = 100 થી સુધારીને 2012 = 100 કર્યો છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

080. બાળ મૃત્યુનો ઘટાડો __________ વડે વસ્તીવધારાના નિયંત્રણને મદદરૂપ થાય છે.

(A) મૃત્યુદરની ભરપાઈ કરવા વારંવારના બાળજન્મના નિયંત્રણ
(B) માતાના આરોગ્યના રક્ષણ
(C) બે જન્મ વચ્ચેનો સમયગાળાના વધારા
(D) જન્મ પૂર્વે બાળકની જાતિ પસંદ કરવાની વૃત્તિને અટકાવવા

081. જ્યારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર (Statutory liquidity ratio) 70 બેઝીસ પોઈન્ટ સુધી ઘટાડે ત્યારે નીચેના પૈકી કયું થવાની સંભાવના રહે છે ?

(A) ભારતનું કુલ સ્થાનિક ઉત્પાદન (Gross domestic product) માં તીવ્ર વધારો થાય છે.
(B) શેડ્યુલ્ડ વાણિજ્ય બેંકો તેમનો ધીરાણ દર ઘટાડી શકે છે.
(C) વિદેશી સંસ્થાકીય રોકાણકારો (Foreign institutional investors) દેશમાં વધુ મૂડી લાવી શકે છે.
(D) ઉપરોક્ત તમામ

082. જ્યારે આર્થિક સુધારા દાખલ કરવામાં આવ્યા ત્યારે નીચેના પૈકી કઈ ગતિવિધિ 1991 દરમ્યાન ધ્યાને આવેલ ન હતી ?

(A) જાહેર દેવું ભારતના કુલ રાષ્ટ્રીય ઉત્પાદન (GNP) ના લગભગ 60 ટકા હતું.
(B) ફુગાવાએ બે અંકોને પાર કર્યો હતો.
(C) વિદેશી અનામત ખૂબ જ ઉચ્ચ સ્તરે જાળવવામાં આવ્યા હતા.
(D) નિયંત્રણ અને લાયસન્સનો પ્રભાવ હતો.

Happy Academy

083. જાહેર ક્ષેત્રની સુધારણાના ભાગરૂપે ભારત સરકારે વિનિવેશની બે પધ્ધતિઓ અપનાવી. આ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

i. પસંદગીના જાહેર ક્ષેત્રના એકમોના શેરનું વેચાણ કરવું એ વિનિવેશની પ્રથમ પધ્ધતિ હતી.

ii. જાહેર ક્ષેત્રના એકમોનું ખાનગી ક્ષેત્રની કંપનીને વેચાણ કરવું એ વિનિવેશની બીજી પધ્ધતિ હતી.

iii. પ્રથમ પધ્ધતિનો ઉપયોગ 1991-92 થી 1998-99 ના સમયગાળા દરમ્યાન થયો.

iv. બીજી પધ્ધતિનો ઉપયોગ 1999-2000 થી 2003-04 ના સમયગાળા દરમ્યાન થયો.

(A) ફક્ત i, ii અને iii
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iv
(D) i, ii, iii અને iv

084. ભારત સરકારની જનની સુરક્ષા યોજના બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. જનની સુરક્ષા યોજના એ રાષ્ટ્રીય ગ્રામિણ આરોગ્ય મિશન હેઠળની સલામત માતૃત્વ માટેની દરમ્યાનગીરી છે.

ii. જનની સુરક્ષા યોજના અનુસાર ગુજરાત એ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઓડિશા અને ઉત્તર પ્રદેશ સાથે ઓછી કામગીરી કરતાં રાજ્યોની શ્રેણી હેઠળ આવે છે.

iii. જનની સુરક્ષા યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગરીબ ગર્ભવતી મહિલાઓમાં સંસ્થાકીય પ્રસુતિને ઉત્તેજન આપી માતા અને નવજાત શિશુનો મૃત્યુદર ઘટાડવાનો છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને ii
(D) ફક્ત i અને iii

085. ગુજરાત સરકારની ગરીબ સમૃધ્ધિ યોજના બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આ કાર્યક્રમ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને આવાસ વિભાગનો મુખ્ય કાર્યક્રમ છે.

(B) આ યોજના શહેરી ગરીબો માટે બહેતર આવાસ પુરૂ પાડવા માટેનો સાકલ્યવાદી અભિગમની કલ્પના કરે છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

086. મહિલા શક્તિ કેન્દ્રો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. આ કેન્દ્રોની પ્રથમ વખત ઘોષણા 2017-18 ના અંદાજપત્રના ભાષણ દરમ્યાન થઈ હતી.

ii. મહિલા સહિત કેન્દ્ર યોજના ગ્રામિણ મહિલાઓને તાલીમ અને ક્ષમતા નિર્માણનો લાભ લેવા માટે સરકાર સુધી પહોંચવા માટેના આંતરફલક પૂરૂ પાડવાની કલ્પના છે.

iii. મહિલા શક્તિ કેન્દ્ર હેઠળની પ્રવૃત્તિઓનું અમલીકરણ ગ્રામ પંચાયત સ્તરે થશે અને બ્લોક/તાલુકા કેન્દ્રો મારફતે સગવડ પૂરી પાડવામાં આવશે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત i અને ii

087. ઈન્ડીયા INX બાબતે નીચેના પૈકી કયા સાચાં છે ?

i. ઈન્ડીયા INX ભારતનું પ્રથમ આંતરરાષ્ટ્રીય એક્ષચેન્જ છે.

ii. તે દિવસના 22 કલાક કાર્ય કરશે, સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કાર્ય કરશે એટલે કે જ્યારે જાપાન એક્ષચેન્જ શરૂ થાય ત્યારથી શરૂ કરીને જ્યારે યુ.એસ. બજાર પૂરૂં થાય ત્યારે બંધ થશે.

iii. ઈન્ડીયા INX એ ખાનગી જૂથના લોકોની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.

(A) i, ii અને iii
(B) ફક્ત i અને ii
(C) ફક્ત ii અને iii
(D) ફક્ત i અને ii

Happy Academy

088. e-NAM બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલું કૃષિ ચીજવસ્તુઓ માટેનું સમગ્ર ભારત વ્યાપી ઈલેક્ટ્રોનીક વેપાર પોર્ટલ છે.

(B) e-NAM ના અમલીકરણ માટે NABARD 'લીડ એજન્સી (lead agency)' છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

089. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

i. G7 અને BRICS ના તમામ સભ્યોનું પ્રતિનિધિત્વ G20 માં થાય છે.

ii. 2008 ની વૈશ્વિક નાણાકીય કટોકટી બાદ G20 ની સ્થાપના G7 દ્વારા કરવામાં આવી હતી.

iii. G20 નો પ્રાથમિક ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રિય નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે.

(A) ફક્ત iii
(B) ફક્ત i અને iii
(C) ફક્ત ii અને iii
(D) i, ii અને iii

090. રોકડ અનામત ગુણોત્તર (Cash Reserve Ratio) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) તે બેંકે પોતાની પાસે અનામત તરીકે રાખવાની થતી થાપણોની ટકાવારી છે.

(B) તમામ વાણિજ્ય બેંકો માટે રોકડ અનામત ગુણોત્તરની જરૂરીયાતો જાળવવી ફરજિયાત છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

091. પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના (PMJJBY) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. PMJJBY 18 થી 50 વર્ષ સુધીના વયજૂથવાળાં લોકો કે જેઓ બેંક ખાતુ ધરાવે છે અને આ યોજનામાં જોડાવવા તેમજ 'ઓટો ડેબીટ (auto debit)' શરૂ કરવા માટેની સહમતી આપી હોય, તેઓ માટે ઉપલબ્ધ છે.

ii. લાઈફ કવર રૂા. બે લાખનું રહેશે કે જે પહેલી જૂનથી 31મી મે સુધીનું રહેશે અને તેને ફરીથી તાજું/નવીનીકરણ કરાવી શકાશે.

iii. ફક્ત અકસ્માત મૃત્યુના કિસ્સામાં આ યોજના હેઠળ જોખમનું કવરેજ રૂા. બે લાખનું છે.

(A) i, ii અને iii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) ફક્ત i અને ii

092. UDAY યોજના બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. UDAY ભારતમાં વિવિધ રાજ્યોના માંદા પાવર ડીસકોમ (discoms) ને મદદ કરવા માટેની કેન્દ્રિય યોજના છે.

ii. આ યોજના હેઠળ નુકશાન કરતાં પાવર ડીસકોમના દેવાનો બોજ જે તે પાવર ડીસકોમ અને જે તે રાજ્ય દ્વારા 1:3 ના ગુણોત્તરમાં વહેંચાશે.

iii. પોતાના હિસ્સાના દેવાની ભરપાઈ કરવા માટે પાવર ડીસકોમને UDAY બોન્ડ જારી કરવા માટેની છૂટ આપવામાં આવેલી છે.

(A) ફક્ત i અને ii
(B) ફક્ત ii અને iii
(C) ફક્ત i અને iii
(D) i, ii અને iii

Happy Academy

093. અર્થશાસ્ત્રમાં, ''બલૂન ચૂકવણી (Balloon Payment)''ના સંદર્ભ __________ છે.

(A) લોનની પરત ચૂકવણી કરવામાં છટકી જવું

(B) ચેક દ્વારા થયેલ ચૂકવણી

(C) ડીજીટલ ચૂકવણી

(D) બલૂન ચૂકવણી એટલે લોન સાથે જોડાયેલ એક સામટી (lump sum) ચૂકવણી

094. નીચેના પૈકી કયા પ્રકારનો કરવેરો ભારતમાં વ્યક્તિગત આવકવેરાને શ્રેષ્ઠ રીતે વર્ણવે છે ?

(A) પ્રાગતિક કરવેરા (Progressive taxation)

(B) પ્રતિકારક કરવેરા (Regressive taxation)

(C) પ્રમાણસર કરવેરા (Proportional taxation)

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

095. નીચેના પૈકી કયું રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાનું માત્રાત્મક શાખ નિયંત્રણ (Quantitative Credit Control) સાધન નથી ?

(A) બેંક દર (Bank rate)

(B) ખુલ્લા બજારની કામગીરી (Open market operations)

(C) વૈધાનિક પ્રવાહિતા જરૂરીયાતો (Statutory Liquidity Requirements)

(D) ગાળાની જરૂરીયાતો (Margin requirement)

096. કેન્દ્ર સરકારનો વિકાસ ખર્ચ __________ નો સમાવેશ કરતો નથી.

i. આર્થિક સેવાઓ પરનો ખર્ચ

ii. સામાજિક અને સમુદાય સેવાઓનો ખર્ચ

iii. રાજ્યોને ગ્રાન્ટ

iv. સંરક્ષણ ખર્ચ

(A) ફક્ત i અને iii

(B) ફક્ત i, ii અને iv

(C) ફક્ત ii, iii અને iv

(D) ફક્ત iv

097. ભારત સરકારે ગરીબી રેખાની માપણી __________ ના રૂપમાં કરવાનો નિર્ણય કર્યો છે.

(A) ઘરેલુ વપરાશ

(B) ઘરેલુ બચત

(C) ઘરેલુ રોકાણ

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

098. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

i. મુખ્ય કામદાર એ એવી વ્યક્તિ છે કે જે વર્ષમાં ઓછામાં ઓછા 183 દિવસ (અથવા છ મહિના) કામ કરે છે.

ii. સીમાંત (marginal) કામદાર એ એવી વ્યક્તિ છે કે જે વર્ષમાં 183 દિવસ (અથવા છ મહિના) થી ઓછું કામ કરે છે.

iii. 2001 ની વસ્તી ગણત્રીએ ભારતની કામ કરતી વસ્તીને 6 મુખ્ય શ્રેણીઓમાં વિભાજીત કરી છે.

(A) ફક્ત i અને iii

(B) ફક્ત i અને ii

(C) ફક્ત ii અને iii

(D) i, ii અને iii

099. BASEL ધારાધોરણો __________ ને લગતા છે.

(A) દેશોની કેન્દ્રીય બેંક

(B) વાણીજ્ય બેંકો

(C) સહકારી બેંકો અને સોસાયટીઓ

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

Happy Academy

100. નીચેના પૈકીનું કયું સૂત્ર બચત દરની ગણત્રી કરવા માટે વપરાય છે ?

(A) બચત દર $= \frac{\text{બચત}}{\text{આવક}} \times 100$

(B) બચત દર $= \frac{\text{આવક}}{\text{બચત}} \times 100$

(C) બચત દર $= \frac{\text{બચત} \times \text{આવક}}{\text{વસ્તી}}$

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

101. અરવલ્લી પર્વતો વિશે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચા છે ?

(A) તે વિશ્વના સૌથી જૂના ખંડ (block) પર્વતોમાના એક છે.

(B) દિલ્હી સ્થિત રાયસીના (Raisina) ટેકરી વાસ્તવમાં અરવલ્લી સમુદાયનો એક ભાગ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

102. અરબી સમુદ્ર કરતાં બંગાળની ખાડી પાણીની ઓછી ક્ષારિયતા ધરાવે છે કારણ કે .....

1. બંગાળની ખાડીમાં તાજા પાણીનો મોટા પ્રમાણમાં અંતઃપ્રવેશ

2. બંગાળની ખાડીની સરખામણીમાં અરબી સમુદ્રમાં ઉંચું બાષ્પીભવન

3. અરબી સમુદ્રમાં તાજા પાણીનો ઓછા પ્રમાણમાં અંતઃપ્રવેશ

(A) 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2

103. સઘન સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ભારતમાં નીચેના પૈકી કયા મુખ્ય પરવાળાના દ્વિપ સમૂહ ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યા છે ?

1. કચ્છનો અખાત

2. આંદામાન અને નિકોબાર દ્વિપ સમૂહ

3. સુંદરવન

4. મનારનો અખાત

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 2, 3 અને 4

104. ઉત્તર પૂર્વીય ચોમાસુ અથવા પાછા ફરતા મોસમી પવનો (Retreating monsoons) ત્યારે થાય છે જ્યારે ___________

1. ચોમાસાની ઋતુ બાદ સૂર્ય દક્ષિણ તરફ પાછો વળે છે.

2. ભારતીય ઉપખંડનો ઉત્તરીય જમીનખંડ ઠંડો થવા લાગે છે.

3. દેશના દક્ષિણી પ્રદેશમાં શુષ્ક ઋતુ હોય છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

105. પશ્ચિમ ભારતમાં થરના રણના અસ્તિત્વના સંભવિત કારણો ___________ છે.

(A) થરની પૂર્વ દિશામાં કાંપના મેદાનો અસ્તિત્વમાં છે.

(B) તે કર્કવૃત્તની નજીકમાં સ્થિત છે કે જે મહત્તમ સૌર કિરણો પ્રાપ્ત કરે છે.

(C) તે દક્ષિણ પશ્ચિમ ચોમાસાની બંગાળની ખાડી શાખાના વર્ષાછાયાના પ્રદેશમાં આવેલું છે.

(D) આ ક્ષેત્રમાં ભૂગર્ભ જળના કોઈ સ્રોત નથી.

Happy Academy

106. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ગુજરાતનો રાજકોટ જિલ્લો 5 કરતા વધુ અન્ય જિલ્લાઓ સાથે સરહદ સહભાગી કરે છે.

2. વડોદરા જિલ્લો પણ 5 કરતાં વધુ જિલ્લાઓ સાથે સરહદ સહભાગી કરે છે.

3. અમદાવાદ જિલ્લો ૫ કરતાં ઓછા જિલ્લાઓ સાથે સરહદ સહભાગી કરે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

107. ગુજરાત વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. રાજ્યનો કુલ ભૌગોલિક વિસ્તાર આશરે 196 લાખ હેક્ટર છે.

2. કુલ ભૌગોલિક વિસ્તારમાંથી 99.66 લાખ હેક્ટર ખેતીલાયક ક્ષેત્ર હેઠળ છે.

3. સિંચાઈ હેઠળનો કુલ એકંદર વિસ્તાર 56.14 લાખ હેક્ટર છે કે જે પાક વિસ્તારના 45.97% જેટલો છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

108. ભારતના કૃષિ આબોહવા વિસ્તારો વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આબોહવાકીય પરિસ્થિતિઓ જેવી કે જમીનની સ્થિતિ, વરસાદનું પ્રમાણ વગેરેના આધારે ભારત 15 કૃષિ આબોહવાકીય વિસ્તારોમાં વિભાજીત કરવામાં આવ્યું.

2. ગુજરાતના મેદાનો અને પર્વતીય પ્રદેશો આ યાદીમાંનો એક વિસ્તાર છે.

3. ગુજરાત, દાદરાનગર હવેલી, દમણ અને દીવ ગુજરાતના મેદાનો અને પર્વતીય ક્ષેત્રના વિસ્તાર હેઠળ આવે છે.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

109. ગુજરાતમાં જંગલોની બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. રાજ્ય કચ્છ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર પ્રદેશમાં વિશાળ ઘાસના મેદાનો અને ઝાડી ઝાંખરાવાળા વન ધરાવે છે.

2. રાજ્યના પશ્ચિમ ભાગમાં દરિયાઈ નિવસન તંત્રો (ecosystems) જેવાં કે મેનગ્રુવ્ઝ, પરવાળાના ખરાબા અને દરિયાઈ ઘાસ આવેલાં છે.

3. ઉત્તરમાં પર્વતીય જંગલો જોવા મળે છે જ્યારે પૂર્વના વિસ્તારમાં ભેજવાળા પાનખર ઉષ્ણકટિબંધીય જંગલો જોવા મળે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 3

110. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

| નદી | ઉદ્‌ભવસ્થાન | માં મળવું |
|---|---|---|
| 1. શેત્રુંજી નદી | – ગીર જંગલ | – ખંભાતનો અખાત |
| 2. મહી નદી | – વિંધ્યાચલ ટેકરીઓ | – ખંભાતનો અખાત |
| 3. રૂપેણ નદી | – અરવલ્લી ટેકરીઓ | – અરબી સમુદ્ર |
| 4. બનાસ નદી | – અરવલ્લી ટેકરીઓ | – કચ્છનું નાનું રણ |

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 4
(D) ફક્ત 1 અને 2

Happy Academy

111. ગુજરાતના જળ સ્ત્રોતો બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. રાજ્ય દેશમાં ઉપલબ્ધ જળના માત્ર 2% જેટલું જ સપાટી પરનું જળ ધરાવે છે.
2. ગુજરાતનો 55% પ્રદેશ પાણીની તંગીવાળો વિસ્તાર છે.
3. દક્ષિણ અને મધ્ય ગુજરાતનો 45% પ્રદેશ વધારાનું જળ (અધિશેષ) (surplus) છે.
4. સાબરમતી અને સરસ્વતી નદીઓનું આંતરિક જોડાણ રાજ્ય સરકાર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1 અને 4 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1

112. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) રાજપીપળાની ટેકરીઓ સાતપુડા હારમાળાની પશ્ચિમતમ ભાગ છે.
(B) આ નર્મદા નદીની દક્ષિણે આવેલ અને તે નર્મદા અને તાપીના નદી ક્ષેત્રો (Basins) વચ્ચેનો જળવિભાજક બનાવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

113. ઘઉંના વાવેતર બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તે એવી જમીનમાં સરસ રીતે પાકે છે કે જે ગોરાડુ જમીનની જેમ પાણીને સરળતાથી નીકળી જવા દેતી નથી.
2. તે ઉષ્ણકટિબંધીય પ્રદેશનો પાક છે.
3. તેના માટે પાક ઉગાડવાની ઋતુમાં માફકસરનો વરસાદ અને લણણીના સમયે તેજસ્વી સૂર્ય પ્રકાશ જરૂરી છે.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

114. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. શેવરોય (Shevaroy) ટેકરીઓ – પૂર્વ ઘાટ
2. કાર્ડોમન (Cardamom) ટેકરીઓ – પશ્ચિમ ઘાટ
3. અન્નેમલાઈ (Anaimalai) ટેકરીઓ – ગર્હજટ (Garhjat) પર્વતમાળા

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

115. સિક્કીમ રાજ્ય __________ થી ઘેરાયેલું (surrounded) છે.

(A) ચીન, નેપાળ, પશ્ચિમ બંગાળ અને ભૂતાન
(B) ભૂતાન, નેપાળ, પશ્ચિમ બંગાળ અને આસામ
(C) ચીન, નેપાળ, પશ્ચિમ બંગાળ અને આસામ
(D) ચીન, ભૂતાન, પશ્ચિમ બંગાળ અને આસામ

116. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી નથી ?

1. કારાકોરમ પર્વતમાળા – સિંધુ નદી અને તેની ઉપનદી શ્યોક નદી કારાકોરમ પર્વતમાળાની દક્ષિણમાં આવેલા છે.
2. ઝાન્સ્કાર (Zanskar) પર્વતમાળા – ઝોજી લા (Zoji La) ઘાટ આવેલો છે.
3. પૂર્વાંચલ પર્વતમાળા – મિઝોરમ ટેકરીઓ
4. ગ્રેટર હિમાલય – શિપ્કી લા (Shipki La)

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4 (D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

Happy Academy

117. ક્ષારીય ભૂમિ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. ક્ષારીય ભૂમિ વિપુલ માત્રામાં સોડીયમ, પોટેશ્યમ અને મેગ્નેશીયમ ધરાવે છે.
2. ક્ષારીય ભૂમિ સ્થાનિક રીતે રેહ (reh), ઉસર (usar), અને કલાર (Kallar) જેવા વિવિધ નામોથી ઓળખાય છે.
3. ક્ષારીય ભૂમિ ઊંચી માત્રામાં નાઈટ્રોજન અને કેલ્શીયમ ધરાવે છે.
4. ક્ષારીય ભૂમિ શુષ્ક અને અર્ધશુષ્ક પ્રદેશોમાં ઉદ્ભવે છે.
(A) ફક્ત 1, 2 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

118. દક્ષિણ પશ્ચિમી પવનો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. આ પવનો બે શાખાઓમાં વહેંચાય છે - અરબી સમુદ્ર શાખા અને બંગાળની ખાડી શાખા
2. બંગાળની ખાડીની શાખા ગંગાના મેદાનો તરફ પશ્ચિમ દિશામાં આગળ વધી સમગ્ર ઉત્તર ભારતને આવરી લે છે.
3. અરબી સમુદ્ર શાખા સૌરાષ્ટ્રના દ્વીપકલ્પ અને કચ્છને અથડાય છે અને સમગ્ર ગુજરાતમાં વરસાદ આપે છે.
(A) 1, 2 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 3

119. નીચેની યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I - (વરસાદનું પ્રમાણ) | યાદી-II - (જે વિસ્તારમાં વરસાદ પડે છે) |
|---|---|
| 1. ભારે વરસાદના ક્ષેત્રો | a. આસામ, મણિપુર |
| 2. મધ્યમ વરસાદ | b. બિહાર |
| 3. ઓછો વરસાદ | c. હરીયાણા |
| 4. અપૂરતો વરસાદ | d. ગુજરાતનો સૌરાષ્ટ્ર પ્રદેશ |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

120. ભારતના ઉત્તર પૂર્વીય વિસ્તારમાં કયા પ્રકારના વન જોવા મળે છે ?
(A) સૂકા ઉષ્ણકટિબંધીય વન
(B) આલ્પાઈન વન
(C) ભેજવાળા ઉષ્ણકટિબંધીય વન
(D) પહાડી (montane) સમશીતોષ્ણ કટિબંધીય વન

121. નીચેની યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I - (વિસ્તાર) | યાદી-II - (ઉપલબ્ધ સ્ત્રોતો) |
|---|---|
| 1. કાઠીયાવાડ કચ્છ | a. લોહની કાચી ધાતુ |
| 2. ચંબલની ખીણ અને કોટા | b. ચૂનાના પથ્થર, બોકસાઈટ |
| 3. દંડકારણ્ય | c. પેટ્રોલીયમ, કોલસો અને કુદરતી વાયુ |
| 4. બ્રહ્મપુત્રાનો ઉપરનો વિસ્તાર | d. અલોહ ધાતુઓ, ચૂનાના પથ્થર |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - d, 3 - a, 4 - c
(C) 1 - c, 2 - b, 3 - d, 4 - a
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

Happy Academy

122. મહાસાગરમાં ગરમ અને ઠંડા પ્રવાહોનું મિલન નીચેના પૈકી કોના માટે લાભદાયી છે ?

(A) પરવાળાના ખરાબાના નિર્માણ માટે
(B) માછીમારી માટે
(C) સમુદ્રી ઘાસ
(D) મેનગ્રુવ

123. નીચેના પૈકી કઈ પર્વતમાળા ભારતને એશિયાથી અલગ કરતી હારમાળાઓ પૈકીની નથી ?

(A) હિંદુકુશ પર્વત
(B) કારાકોરમ
(C) હિમાલય
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

124. નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. ઉષ્ણકટિબંધીય સદાબહાર વન – પશ્ચિમ ઘાટના પશ્ચિમી ઢોળાવોમાં જોવા મળે છે.
2. ઉષ્ણકટિબંધીય કાંટાળા વન – રાજસ્થાન અને ઉત્તર ગુજરાતના શુષ્ક પ્રદેશોમાં જોવા મળે છે.
3. ઉષ્ણકટિબંધીય પાનખર વન – સાગ, ચંદન, સાલ વૃક્ષોની સામાન્ય જાતો છે.
4. અર્ધ સદાબહાર વન – જંગલની તાડની ખજૂર (Wild Date Palm), લીમડો અને પલાસ (Palas) સામાન્ય જાતો છે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1

125. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. પર્શિયન (ઇરાની) અખાત અરબી દ્વિપકલ્પને ઇરાનના ઉચ્ચપ્રદેશથી અલગ કરે છે.
2. રશિયા અને જાપાન વચ્ચે કુરીલ (Kuril) દ્વિપસમૂહ બાબતે વિવાદ છે.
3. તિબેટીયન ઉચ્ચ પ્રદેશ વિશ્વનો સૌથી મોટો ઉચ્ચ પ્રદેશ છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 1 અને 2

126. આઈસ ક્યુબ ઉપગ્રહ (Ice Cube satellite) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) આઈસ ક્યુબ ઉપગ્રહ (Ice Cube satellite) નું પ્રક્ષેપણ ISRO દ્વારા કરવામાં આવ્યું હતું.
(B) આઈસ ક્યુબ ઉપગ્રહ (Ice Cube satellite) ભારતીય ખંડના હિમાલય પટ્ટા ઉપરના વાતાવરણીય બરફના વિતરણનો અનન્ય અભ્યાસ કરશે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

127. નીચેના પૈકી કોને ભારતીય ચોમાસાના મોડેલના પિતા માનવામાં આવે છે ?

(A) વિક્રમ સારાભાઈ
(B) જયંત નારલીકર
(C) દેવરાજ સિક્કા
(D) વસંત ગોવરીકર

128. નીચેના પૈકી કયું જળચર નિવસનતંત્ર (aquatic ecosystem) સૌથી વધુ ચોખ્ખી (net) પ્રાથમિક ઉત્પાદકતા ધરાવે છે ?

(A) ખુલ્લા મહાસાગરો
(B) ખંડીય છાજલીઓ
(C) નદી મુખ
(D) પ્રવાહો

Happy Academy

129. નીચેના પૈકી કયો ઘઉંના પાકનો રોગ નથી ?

(A) પીળો ગેરૂ (Yellow rust)
(B) પાનનો સુકારો (Late blight)
(C) કથ્થાઈ ગેરૂ (Brown rust)
(D) કાળો ગેરૂ (Black rust)

130. ________ કુદરતી સાધન સંપત્તિના દેખરેખ-નિયંત્રણ અને પ્રબંધન હેતુ માટે છે અને તેનું સંચાલન સૂર્ય-તુલ્યાકાલિક (Sun Synchronous) ધ્રુવીય ભ્રમણકક્ષા (Sun Synchronous Polar Orbit) (SSPO) ખાતેથી કરવામાં આવે છે.

1. દૂરસંચાર ઉપગ્રહ
2. નેવીગેશન (Navigation) ઉપગ્રહ
3. રીમોટ સેન્સીંગ (દૂર સંવેદન) ઉપગ્રહ

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3
(D) 1, 2 અને 3

131. વ્યવસ્થિત રીતે કાપેલા હીરાના અસાધારણ ચળકાટનું મૂળ કારણ .....

(A) તે ખૂબ ઊંચી પારદર્શકતા ધરાવે છે.
(B) તે ખૂબ ઊંચો વક્રીભવનાંક ધરાવે છે.
(C) તે ખૂબ સખત છે.
(D) તે સ્પષ્ટ વિભાજક સમતલો ધરાવે છે.

132. રાત્રીના દૃષ્ટિ ઉપકરણ (Night Vision Apparatus) માં નીચેના પૈકી કયા પ્રકારના તરંગોનો ઉપયોગ થાય છે ?

(A) રેડીયો તરંગો
(B) સૂક્ષ્મ તરંગો
(C) અવરક્ત (Infrared) તરંગો
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

133. લેસર (Lasers) બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

(A) લેસર પ્રકાશની અત્યંત સમાંતરીત કિરણલક્ષી (Highly collimated beams of light) છે.
(B) લેસર અસુસંબધ્ધ સ્વરૂપ ધરાવે છે.
(C) (A) અને (B) બંને
(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

134. પાણીની કાયમી કઠિનતા ________ ની પ્રક્રિયાને કારણે હોય છે.

(A) સોડીયમ અને પોટેશ્યમના સલ્ફેટ
(B) મેગ્નેશીયમ અને કેલ્શીયમના સલ્ફેટ
(C) સોડીયમ અને મેગ્નેશીયમના કાર્બોનેટ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહી

135. પ્રાણી પેશીઓ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. રક્ત એક જાતની સંયોજક પેશી છે.
2. અસ્તિ એક જાતની સંયોજક પેશી છે.
3. અસ્થિબંધન અસ્થિઓને એકબીજા સાથે જોડે છે.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) 1, 2 અને 3

Happy Academy

136. નીચે આપેલી યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| 1. ફળ | a. અંડકોષ |
| 2. બીજ | b. પર્ણ |
| 3. લાકડું | c. સ્ટેમ (થડ) |
| 4. સ્ટાર્ચ | d. અંડાશય |

(A) 1 - b, 2 - a, 3 - c, 4 - d
(B) 1 - d, 2 - a, 3 - c, 4 - b
(C) 1 - b, 2 - c, 3 - a, 4 - d
(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

137. નીચે આપેલી યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| 1. જળો (Annelids) | a. અળસીયાં |
| 2. મૃદુકાય (Molluscs) | b. છીપો, ગોકળગાય |
| 3. ઉભયજીવીઓ | c. દેડકો |
| 4. સસ્તન પ્રાણીઓ | d. શરીર પર વાળ અથવા રૂંવાટી |

(A) 1 - a, 2 - b, 3 - c, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - c, 2 - d, 3 - a, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - b, 4 - c

138. આનુવંશિકતા બાબતે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. કુલ 23 જોડ રંગસૂત્રો હોય છે જે પૈકીના 21 લિંગ નિશ્ચયન કરતા નથી.
2. બે જોડી લિંગ નિશ્ચયન કરે છે.
3. જનીનો નિશ્ચિત પ્રોટીન માટેનો કોડ ધરાવતાં DNA ના અંશ છે કે જે ચોક્કસ લાક્ષણિકતાઓ દર્શાવે છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 1 અને 2

139. રૂધિર જૂથો બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. જો માતા-પિતા બંનેનું રૂધિર જૂથ ‘AB’ હોય તો બાળકનું શક્ય રૂધિર જૂથ ‘A’ અથવા ‘B’ અથવા ‘AB’ હોઈ શકે.
2. જો માતા-પિતામાંથી એકનું રૂધિર જૂથ ‘AB’ હોય અને અન્યનું ‘O’ હોય તો બાળકનું શક્ય રૂધિર જૂથ ‘A’ અથવા ‘B’ હોઈ શકે.
3. જો માતા-પિતા બંનેનું રૂધિર જૂથ ‘O’ હોય તો બાળકનું શક્ય રૂધિર જૂથ ‘O’ હોઈ શકે.
4. જો માતા-પિતા બંનેનું રૂધિર જૂથ ‘A’ હોય તો બાળકનું શક્ય રૂધિર જૂથ ‘O’ કે ‘A’ હોઈ શકે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) ફક્ત 1, 2 અને 4

Happy Academy

140. નીચેના પૈકી કઈ જોડી – જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. સેરેબ્રમ (બૃહદ મસ્તિષ્ક) – મગજના મોખરાના કાર્યો જેવા કે વિચારો અને ક્રિયાઓ

2. થેલેમસ – શરીર, આંખો, કાન અને અન્ય સંવેદન અંગોમાંથી તમામ સંવેદનાઓ મેળવે છે.

3. હાયપોથેલેમસ – દૃષ્ટિ, શ્રવણ અને ઊંઘ સાથે સંકળાયેલ છે.

4. મધ્ય મસ્તિષ્ક – ગુસ્સો, આક્રમકતા અને ભૂખની લાગણીઓ સાથે સંકળાયેલ છે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 1
(D) ફક્ત 3 અને 4

141. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. ડીપ્થેરીયા (Diphtheria) – આ હવા દ્વારા થતો બેક્ટેરીયાનો ચેપ છે.

2. ટીટનસ (Tetanus) – આ એક વાયરલ ચેપ છે.

3. ઊંટાટીયુ (Pertussis) – અતિ ચેપી શ્વસન રોગ છે.

4. ડેન્ગ્યુ તાવ – રોગના વાહક (Vector borne) દ્વારા થતો વાયરલ ચેપ છે.

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 1, 2 અને 3

142. પરમાણુ રીએક્ટરનું નિર્માણ કરવામાં નીચેના પૈકી કયું તત્ત્વ આવશ્યક છે ?

(A) કોબાલ્ટ
(B) નીકલ
(C) ઝીર્કોનીયમ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

143. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. પૃથ્વી-1 – ટૂંકી પહોંચ મર્યાદાની (short range) બેલેસ્ટીક મીસાઈલ.

2. K-5 – સ્ફોટક અગ્રનું (warheads) વહન કરી શકતા નથી.

3. નાગ – "ફાયર અને ફર્ગેટ" માર્ગદર્શિત (guided) મીસાઈલ.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

144. મંગળ ભ્રમણકક્ષા મિશન (The Mars Orbiter Mission) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. તે ISRO દ્વારા ભારતનું બીજું આંતરગ્રહીય મિશન છે.

2. ISRO મંગળ સુધી પહોંચનારી ચોથી અવકાશીય સંસ્થા બની છે.

3. ભારત મંગળ ભ્રમણકક્ષા સુધી પહોંચનાર પ્રથમ એશીયાઈ રાષ્ટ્ર છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3



Happy Academy

145. નીચેના પૈકી કયા ક્લાઉડ કોમ્પ્યુટીંગના સેવા મોડલ્સ છે ?

1. સેવાગત માળખાકીય સુવિધાઓ
2. સેવા તરીકે પ્લેટફોર્મ
3. ડેસ્કટોપ વિઝ્યુઅલાઈઝેશન
4. સેવા તરીકે ડેટા

(A) 1, 2, 3 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 2 અને 3

146. સ્ટેમ સેલ્સ (Stem Cells) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. શરીર અથવા પ્રયોગશાળામાં યોગ્ય પરિસ્થિતિઓ હેઠળ સ્ટેમ સેલ પુત્રી કોષો (daughter cells) તરીકે વધુ કોષોના નિર્માણ માટે વિભાજીત થાય છે.
2. આ પુત્રી કોષો નવા સ્ટેમ સેલ બને છે અથવા વિશિષ્ટકોષો બને છે.
3. વૈજ્ઞાનિકો નિયમિત પુખ્ત કોષોને આનુવંશિક રીપ્રોગ્રામીંગનો ઉપયોગ કરીને સ્ટેમ સેલમાં પરિવર્તિત કરવાના હજુ પ્રયત્નો કરી રહ્યા છે.

(A) 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 1 અને 3

147. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં નથી ?

1. વિખંડન (Fission) અને સંલયન (Fusion) બંને નાભિકીય (Nuclear) પ્રતિક્રિયાઓ (Reactions) છે જે ઊર્જા (Energy) ઉત્પન્ન કરે છે.
2. વિખંડન (Fission) એવી પ્રક્રિયા છે જેમાં બે હલકા નાભિક (Nuclei) એકસાથે ભેગા થાય છે.
3. સંલયન (Fusion) ભારે અસ્થાયી (Unstable) નાભિ (Nucleus) ને બે હલકા નાભિક (Nuclei) માં વિભાજીત કરવાની પ્રક્રિયા છે.

(A) ફક્ત 1
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહિ

148. વર્તમાન સમયમાં મોટાભાગના દૂરસંચાર ઉપગ્રહો ભૂસ્થાયી ભ્રમણકક્ષામાં મૂકવામાં આવે છે. પૃથ્વી પરના એક જ સ્થળ પર રહેવા માટે ભૂસ્થાયી ઉપગ્રહ સીધો જ __________ ની ઉપર હોવો જોઈએ.

(A) કર્કવૃત્ત
(B) ઉત્તર અથવા દક્ષિણ ધ્રુવ
(C) વિષુવવૃત્ત
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

149. હવામાં રહેલા કાર્બન ડાયોક્સાઈડની વધતી માત્રા વાતાવરણના તાપમાનમાં ધીમો વધારો કરી રહી છે કારણ કે તે ________

(A) હવામાંની બાષ્પનું શોષણ કરે છે અને તેની ગરમીને જાળવી રાખે છે.
(B) સૌર કિરણોત્સર્ગના પારજાંબલી વિભાગનું (Ultraviolet) નું શોષણ કરે છે.
(C) તમામ સૌર કિરણોનું શોષણ કરે છે.
(D) સૌર કિરણોત્સર્ગનો અવરક્ત વિભાગ (Infrared) નું શોષણ કરે છે.

150. નીચેના પૈકી કઈ એક્સ સીટુ સંરક્ષણ પધ્ધતિ (Ex Situ Conservation) નો પ્રકાર નથી ?

(A) વનસ્પતિ ઉદ્યાન
(B) બીજ છત (Seed Vault)
(C) રાષ્ટ્રીય ઉદ્યાનો
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

Happy Academy

151. P ની હાલની ઉંમર R ની હાલની ઉંમર કરતા 3 ગણી છે. 4 વર્ષ પછી P ની તે સમયની ઉંમર R ની તે સમયની ઉંમર કરતા 2.5 ગણી થશે. તો R ની હાલની ઉંમર કેટલી હશે ?

(A) 11 વર્ષ
(B) 12 વર્ષ
(C) 13 વર્ષ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

152. V એક રકમ ચક્રવૃધ્ધિ વ્યાજે 2 વર્ષ માટે 3% ના વાર્ષિક દરે લોન તરીકે લાવે છે. જો 2 વર્ષ બાદ વ્યાજ તરીકે તે રૂા. 487.20 ચૂકવે, તો તે રકમ કેટલી હશે ?

(A) રૂા. 6,400
(B) રૂા. 7,200
(C) રૂા. 8,000
(D) ઉપરના પૈકી કોઈ નહીં

153. એક દોડવીર એક 600 મીટર લાંબો પુલ 12 સેકંડમાં પસાર કરે છે. તો તે 3 કિમી લાંબા રનિંગ ટ્રેકને કેટલા સમયમાં પસાર કરશે ?

(A) 1 મિનિટ
(B) 1 મિનિટ 20 સેકંડ
(C) 1 મિનિટ 30 સેકંડ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

154. એક સાંકેતિક ભાષામાં અંગ્રેજી મૂળાક્ષરો પૈકી પ્રત્યેક સ્વરને તે પછી આવતા મૂળાક્ષર તરીકે તથા પ્રત્યેક વ્યંજનને તે પૂર્વે આવતા મૂળાક્ષર તરીકે સંકેતબધ્ધ કરવામાં આવે છે. તો આ સાંકેતિક ભાષામાં "DIFFERENTIATION" નો સંકેત કયો થશે ?

(A) CJDDFQFOSJBSJPM
(B) CJEEDSFMSHZUJNM
(C) CJGGDSDOSHZUJNM
(D) ઉપરના પૈકી કોઈ નહીં

155. ચાર અંકની સૌથી મોટી પૂર્ણવર્ગ સંખ્યા કઈ છે ?

(A) 9801 (B) 9881 (C) 9925 (D) 9981

156. નીચે આપેલ માહિતીનો મધ્યસ્થ કેટલો થશે ?

23, 76, 3, 76, 87, 45, 121, 8, 54, 99, 11, 39, 65, 77, 1, 160

(A) 54
(B) 65
(C) 59.5
(D) ઉપરના પૈકી કોઈ નહીં

157. 28 માર્ચ, 1656 ના દિવસે કયો વાર હશે ?

(A) સોમવાર (B) બુધવાર (C) મંગળવાર (D) ગુરૂવાર

158. એક ઘડિયાળ દર 3 કલાકે 7 મિનિટ ધીમું પડે છે. જો તેને સોમવારે બપોરે 12.00 કલાકે સાચા સમયે મેળવવામાં આવેલ હોય તો, મંગળવારે બપોરે 3 વાગે તે કયો સમય બતાવતું હશે ?

(A) 2 કલાક 28 મિનિટ
(B) 2 કલાક 57 મિનિટ
(C) 1 કલાક 27 મિનિટ
(D) ઉપરના પૈકી કોઈ નહીં

159. એક વર્ગખંડમાં કુલ 65 વિદ્યાર્થીઓએ ગણિતમાં મેળવેલ ગુણની સરેરાશ 54 છે. પરંતુ એક વિદ્યાર્થીના ગુણ ભૂલથી 78 ને બદલે 87 લખાયા હતા. આથી ભૂલ સુધાર્યા બાદ સાચી સરેરાશ કેટલી થશે ?

(A) 53.86 (B) 54.13 (C) 54.86 (D) 56

Happy Academy

160. 17 ફૂલદાની રૂા. 720 માં વેચવાથી 5 ફૂલદાનીની મૂળ કિંમત જેટલી ખોટ જાય છે. તો એક ફૂલદાનીની મૂળ કિંમત કેટલી હશે ?

(A) રૂા. 36 (B) રૂા. 60 (C) રૂા. 72 (D) રૂા. 90

161. P અને Q, R ના ભાઈઓ છે. Q એ S અને T નો પુત્ર છે. S એ U ની પુત્રી છે. M એ T ના સસરા છે. N એ U નો પુત્ર છે. તો N નો Q સાથે કયો સંબંધ છે ?

(A) મામા (B) ભત્રીજી (C) ભત્રીજો (D) કાકા

162. હેમંત ઉત્તર દિશા તરફ 20 મીટર ચાલે છે. પછી તે પોતાની જમણી તરફ વળી 30 મીટર ચાલે છે. ત્યારબાદ ફરીથી તે પોતાની જમણી તરફ વળી 35 મીટર ચાલે છે. પછી તે ડાબી તરફ વળી 15 મીટર ચાલે છે અને છેવટે તે ફરીથી ડાબી તરફ વળી 15 મીટર ચાલે છે. તો તે મૂળ સ્થાનથી કઈ દિશામાં અને કેટલો દૂર છે ?

(A) પૂર્વ - 45 મીટર (B) પશ્ચિમ - 45 મીટર

(C) પૂર્વ - 30 મીટર (D) ઉપરના પૈકી કોઈ નહીં

163. K એક વિષયમાંકુલ ગુણના 30% ગુણ મેળવે છે અને 10 ગુણથી નાપાસ થાય છે. જ્યારે S તે જ વિષયમાં કુલ ગુણના 40% ગુણ મેળવે છે, જે પાસ થવા માટે જરૂરી લઘુત્તમ ગુણ કરતા 15 જેટલા વધારે છે. તો પાસ થવા માટે જરૂરી લઘુત્તમ ગુણ કેટલા હશે ?

(A) 75 (B) 85 (C) 90 (D) 100

164. એક વ્યક્તિ 3 અલગ અલગ બચત યોજનાઓમાં 6 વર્ષ, 10 વર્ષ અને 12 વર્ષ માટે અનુક્રમે 10%, 12% અને 15% ના સાદાવ્યાજે રોકાણ કરે છે. ત્રણેય યોજનાને અંતે તેને સરખું વ્યાજ મળે છે. તો તે ત્રણ યોજનાઓમાં તેના રોકાણનો ગુણોત્તર કેટલો હશે ?

(A) 6:4:3 (B) 9:6:4

(C) 6:3:2 (D) ઉપરના પૈકી કોઈ નહીં

165. નીચે આપેલા વિકલ્પોમાંથી વિષમ જૂથ કયું છે ?

(A) 9 :: 648 (B) 6 :: 180

(C) 5 :: 100 (D) 7 :: 287

166. એક સમદ્વિબાજુ ત્રિકોણની એકબાજુનું માપ 5 સે.મી. હોય અને તેના પાયાનું માપ 8 સે.મી. છે. જ્યારે એક વર્તુળની ત્રિજ્યા $\sqrt{7}$ સે.મી. છે. તો આ વર્તુળ અને સમદ્વિબાજુ ત્રિકોણના ક્ષેત્રફળનો ગુણોત્તર કેટલો થશે ? ($\pi = 22/7$)

(A) 6 : 7 (B) 12 : 7

(C) 11 : 6 (D) ઉપરના પૈકી કોઈ નહીં

167. નીચે આપેલા શબ્દોને અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે ગોઠવવામાં આવે તો ત્રીજા સ્થાને કયો શબ્દ આવશે ?

Interest, Insoluble, Impaired, Impersonate, Integration, Impartial

(A) Impersonate (B) Insoluble

(C) Impartial (D) Impaired

168. એક ગોળાનું ઘનફળ 904.32 ઘન સે.મી. હોય તો તેનો વ્યાસ કેટલો હશે ? ($\pi = 3.14$ લો)

(A) 6 સે.મી. (B) 12 સે.મી.

(C) 15.6 સે.મી. (D) 21.3 સે.મી.

Happy Academy

169. એક શંકુની ત્રિજ્યા 7 સે.મી. અને તેની વક્ર સપાટીનું ક્ષેત્રફળ 176 ચો. સે.મી. હોય તો તેની તિર્યક ઉંચાઈ કેટલી થશે ? ($\pi = 22/7$)

(A) 4 સે.મી.
(B) 7.2 સે.મી.
(C) 8.8 સે.મી.
(D) ઉપરના પૈકી કોઈ નહીં

170. એક વર્તુળાકાર ટેબલની ફરતે 15 વ્યક્તિઓ બેઠા છે. તો તે પૈકી ચોક્કસ 2 વ્યક્તિઓ સાથે જ બેસે તેની સંભાવના કેટલી થશે ?

(A) 2/7
(B) 1/7
(C) 2/15
(D) ઉપરના પૈકી કોઈ નહીં

171. બે સંખ્યાઓનો લ.સા.અ 595 છે. જો તે પૈકી એક સંખ્યા 35 હોય અને તે બંને સંખ્યાઓ પરસ્પર અવિભાજ્ય (co-prime) હોય તો બીજી સંખ્યા કઈ હશે ?

(A) 102
(B) 51
(C) 17
(D) ઉપરના પૈકી કોઈ નહીં

172. નીચે આપેલા વિધાનોનો અભ્યાસ કરો.

i. જેનો એકમ અંક 8 હોય તે સંખ્યા ક્યારેય પૂર્ણવર્ગ હોઈ શકે નહીં.
ii. જે સંખ્યાને અંતે એકી સંખ્યામાં શૂન્ય હોય તે સંખ્યા ક્યારેય પૂર્ણવર્ગ હોઈ શકે નહીં.
iii. બેકી સંખ્યાઓનો વર્ગ હંમેશા બેકી સંખ્યા હોય છે, પરંતુ એકી સંખ્યાઓનો વર્ગ હંમેશા એકી સંખ્યા હોય તે જરૂરી નથી.

ઉપરના વિધાનો પૈકી કયા વિધાનો સાચા છે ?

(A) ફક્ત i
(B) ફક્ત i અને ii
(C) ત્રણેય વિધાનો સાચા છે.
(D) એકપણ વિધાન સાચું નથી.

173. $(4^0 + 4^{-1}) \times 2^2$ ની કિંમત કેટલી થશે ?

(A) – 4
(B) 5
(C) 17/4
(D) ઉપરના પૈકી કોઈ નહીં

174. પાંચ બાળકો એક હારમાં બેઠા છે. P એ Q ની જમણી તરફ છે. T એ Q ની ડાબી તરફ છે, પરંતુ R ની જમણી તરફ છે. જો P એ S ની ડાબી તરફ હોય તો બે છેડા પર કોણ છે ?

(A) R, Q
(B) R, S
(C) T, S
(D) ઉપરના પૈકી કોઈ નહીં

175. અજીત રૂા. 80 પ્રતિ રીમ ના ભાવે 120 રીમ કાગળ ખરીદે છે. ત્યારબાદ તે રૂા. 280 ટ્રાન્સપોર્ટ માટે, 40 પૈસા પ્રતિ રીમ ઓક્ટ્રોય તરીકે અને રૂા. 72 કુલીને ચૂકવે છે. હવે જો તે 8% નફો મેળવવા માગતો હોય તો તેણે કયા ભાવે પ્રત્યેક રીમ વેચવું જોઈએ ?

(A) રૂા. 87.80
(B) રૂા. 88
(C) રૂા. 90
(D) ઉપરના પૈકી કોઈ નહીં

176. ભારત સરકારે તેના સૌથી ઊંચું હવામાન શાસ્ત્ર કેન્દ્રની સ્થાપના __________ ખાતે કરી છે.

(A) લેહ, લદાખ
(B) ઊંટી, તામિલનાડુ
(C) ગુરૂ શિખર ટોચ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

Happy Academy

177. ભારતનો આંખના કેન્સરની સારવાર માટેનો પ્રથમ સ્વદેશી રુથેનિયમ 106 પ્લાક (plaque) __________ દ્વારા વિકસાવવામાં આવ્યો.

(A) એલ. વી. પ્રસાદ આઈ ઈન્સ્ટિટ્યૂટ
(B) ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર
(C) ડી.આર.ડી.ઓ.
(D) ટાટા મેમોરીયલ હોસ્પીટલ

178. ગુજરાતની સૌર ઊર્જા નીતિ મુજબ સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતાની મર્યાદા __________ છે.

(A) કોઈ મર્યાદા નથી
(B) 250 MW
(C) 150 MW
(D) 100 MW

179. હિંદુસ્તાન એરોનોટીક્સ લિમિટેડે હોક્ વિમાનથી સફળતાપૂર્વક સ્વદેશી સ્માર્ટ એન્ટી એરફિલ્ડ વેપનનું પ્રક્ષેપણ કર્યું. તેની અવધિ __________ છે.

(A) 300 કિ.મી.
(B) 250 કિ.મી.
(C) 150 કિ.મી.
(D) 100 કિ.મી.

180. ભારત સરકારે 850 મેગોવોટ રેટલ હાઈડ્રોઈલેક્ટ્રીક પ્રોજેક્ટમાં રોકાણ કરવાનું આયોજન કર્યું છે. આ પ્રોજેક્ટ _____ નદી ઉપર આવેલો છે.

(A) ક્રિષ્ના
(B) તીસ્તા
(C) ચિનાબ
(D) કાવેરી

181. નીચેના પૈકી કયા રાજ્યએ NITI આયોગના ઈન્ડીયન ઈનોવેશન ઈન્ડેક્ષ 2020 ની બીજી આવૃત્તિના ઈનોવેશન ઈન્ડેક્ષમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે ?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) કર્ણાટક
(D) કેરળ

182. ભારતીય રેલ્વે દ્વારા નીચેની પૈકી કઈ ભારતની સૌથી જુની ચાલતી ટ્રેનનું પુનઃ નામકરણ નેતાજી એક્સપ્રેસ તરીકે કરવામાં આવ્યું છે ?

(A) હાવરા - નવી દિલ્હી રાજધાની
(B) હાવરા - કલ્કા મેલ
(C) હાવરા - મદ્રાસ મેલ
(D) હિમાલયન ક્વીન

183. તાજેતરમાં પાકિસ્તાને __________ પરમાણુ સક્ષમ બેલેસ્ટીક મિસાઈલ, શાહિન-III નું પરીક્ષણ કર્યું.

(A) જમીનથી જમીન
(B) જમીનથી હવામાં
(C) હવામાંથી જમીન
(D) ઉપરોક્ત તમામ

184. ગુજરાત સરકારના I-હબે વિવિધ ફોકસ ક્ષેત્રોમાં સ્ત્રીઓ દ્વારા શરૂ કરવામાં આવેલ સ્ટાર્ટઅપને મદદરૂપ થવા મૂડી ઉભી કરવા માટે __________ રાજ્યના We-હબ સાથે સમજૂતી કરાર કર્યો છે.

(A) દિલ્હી
(B) કર્ણાટક
(C) હરિયાણા
(D) તેલંગાણા

185. તાજેતરમાં વડાપ્રધાને ભારતનાં વિવિધ સ્થળોએથી કેવડીયા સુધી નીચેના પૈકી કઈ ટ્રેનોનું ઉદ્‌ઘાટન કર્યું ?

i. કેવડીયા - વારાણસી, કેવડીયા - દાદર
ii. કેવડીયા - અમદાવાદ, કેવડીયા - પ્રતાપનગર
iii. કેવડીયા - ચેન્નાઈ, કેવડીયા - રેવા
iv. કેવડીયા - હઝરત નિઝામ્મુદ્દિન

(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iv
(D) ફક્ત i અને iii

Happy Academy

186. ભારત સરકારે તેનો પ્રથમ રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા માસ કાર્યક્રમ 18 જાન્યુઆરી 2021 થી 17 ફેબ્રુઆરી 2021 દરમ્યાન મનાવ્યો જેનો મુખ્ય વિચાર ________ હતો.

(A) સબકી સડક - સબકી સુરક્ષા

(B) સડક સુરક્ષા - જીવન સુરક્ષા

(C) સબકી સડક - મંગલમય જીવન

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

187. જમ્મુ અને કાશ્મિર પુર્ગઠન (સુધારા) વટહુકમ - 2021 ની જોગવાઈ મુજબ જમ્મુ અને કાશ્મિર કેડરની અખિલ ભારતીય સેવાઓ જેવીકે આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને આઈ.એફ.એસ સેવાઓને ________ સાથે ભેળવી દેવામાં આવશે.

(A) દિલ્હી, આંદામાન અને નિકોબાર ટાપુઓ સનદી સેવાઓ

(B) ઉત્તર-પૂર્વ રાજ્યો સનદી સેવાઓ

(C) AGMUT કેડર

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

188. 600 મેગાવોટની ક્ષમતા ધરાવતાં વિશ્વના સૌથી મોટા તરતા સોલાર ઊર્જા પ્રોજેક્ટનું નિર્માણ ______ ખાતે થઈ રહ્યું છે.

(A) ક્રિષ્ણા નદી ઉપર નાગાર્જુન સાગર બંધ

(B) કાવેરી નદી ઉપર મુલ્લાપેરિયાર બંધ

(C) યાંગત્સી નદી ઉપર થ્રી ગોર્જિજ બંધ

(D) નર્મદા નદી ઉપર ઓમકારેશ્વર બંધ

189. ભારતીય તટરક્ષકે નીચેના પૈકી કયા દેશો સાથે મેરીટાઈમ (દરિયાઈ) સંશોધન અને બચાવકાર્યમાં સહકારના સમજૂતી કરાર કર્યા છે ?

(A) જાપાન, ફિલિપિન્સ, થાઈલેન્ડ, મ્યાનમાર, શ્રીલંકા, ઈન્ડોનેશિયા, વિયેતનામ

(B) સિંગાપુર, ઈરાન, મલેશિયા, બાંગ્લાદેશ, માલદીવ, મોરેશિયસ

(C) તાઈવાન, મોંગોલીયા, સાઉદી અરેબિયા

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

190. ભારતીય નૌકાદળ અને DRDO એ સફળતાપૂર્વક સ્વદેશી રીતે વિકસાવેલાં SAHAYAK-NG નું સૌ પ્રથમ પરીક્ષણ કર્યું, જે ________ છે.

(A) ઓક્સિજન સીલીન્ડર

(B) હવામાંથી પડતો મૂકી શકાય એવો કન્ટેનર

(C) કોવિડ નિદાન કીટ

(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

191. મૈત્રી સેતુ પુલ બાંગ્લાદેશ અને ભારતના ________ રાજ્યને જોડે છે.

(A) પશ્ચિમ બંગાળ (B) બિહાર

(C) ત્રિપુરા (D) અરૂણાચલ પ્રદેશ

Happy Academy

192. તાજેતરમાં વડાપ્રધાને નીચેના પૈકી કયા સ્થળોએ છ લાઈટ હાઉસ પ્રોજેક્ટનો પાયો નાખ્યો ?
i. ઇંદોર અને ચેન્નાઈ
ii. રાજકોટ અને રાંચી
iii. અગરતલા અને લખનઉ
iv. વિશાખાપટ્ટનમ્ અને કન્યાકુમારી
(A) i, ii, iii અને iv
(B) ફક્ત ii, iii અને iv
(C) ફક્ત i, ii અને iii
(D) ફક્ત ii

193. પૂર્વ લદ્દાખમાં પેગોંગ સરોવર માટે 12 પેટ્રોલીંગ હોડીઓના નિર્માણ માટે ભારતીય સૈન્યએ ______ સાથે સમજૂતી કરી છે.
(A) ગોવા શીપયાર્ડ લિમિટેડ
(B) રાજકોટ શીપ બિલ્ડર્સ
(C) મઝગાંવ ડોક શીપ બિલ્ડર્સ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

194. ઓસ્કાર 2021 માટેની ભારતની સત્તાવાર પ્રવેશ - ઓફીશિયલ એન્ટ્રી - તરીકે નીચેના પૈકી કઈ ભારતીય ફીલ્મને પસંદ કરવામાં આવી છે ?
(A) થુંગા કંગલ
(B) મારા
(C) દંદુપલ્યમ્
(D) જલીકટ્ટુ

195. તાજેતરમાં DRDO એ તેની પ્રથમ ભારે વજનવાળી ટોરપીડો __________ ભારતીય નૌકાદળને રવાના કરી.
(A) જલાસ્ત્ર
(B) વરૂણાસ્ત્ર
(C) સાગરીકા
(D) જલશ્વ

196. ભારત, થાઈલેન્ડ અને __________ વચ્ચે ત્રિપક્ષીય નૌકા કવાયત SITMEX-20 આંદામાનના દરીયામાં યોજાઈ ગઈ.
(A) સિંગાપુર
(B) દક્ષિણ કોરિયા
(C) શ્રીલંકા
(D) વિયેતનામ

197. ભારતીય નૌકાદળે તાજેતરમાં __________ દેશ પાસેથી નવમું P-81 સર્વેલન્સ વિમાન મેળવ્યું.
(A) રશિયા
(B) ઈઝરાયલ
(C) યુ.એસ.એ.
(D) વિયેતનામ

198. નીચેના પૈકી કઈ સમિતિએ તાજેતરમાં સનદી સેવાઓના ભાગરૂપે અખીલ ભારતીય તબીબી સેવાઓનું સૂચન કર્યું ?
(A) NITI આયોગ
(B) ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સીઝ સમિતિ
(C) આરોગ્ય માટેની સંસદીય સમિતિ
(D) 15 મા નાણાકીય આયોગ

199. નીચેના પૈકી કોણે START (સ્ટ્રેટેજીક આર્મ્સ રીડક્શન ટ્રીટી) જો 5 વર્ષ માટે લંબાવવાની દરખાસ્ત કરી ?
(A) વ્લાદિમિર પુતિન
(B) બાઈડેન
(C) બોરીસ જ્હોનસન
(D) એંટોનિયો ગુટેરેસ

200. ગુજરાત સરકાર દ્વારા બાગાયત અને તબીબી ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોની આવક બમણી કરવા માટે નીચેના પૈકી કયો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે ?
(A) બાગાયત વિકાસ મિશન
(B) કૃષિ વિકાસ યોજના
(C) ફળ અને તબીબી ખેતી વિકાસ યોજના
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહીં

Happy Academy